# સુરત મહાનગરપાલિકા
## જાહેર નોટીસ

**ફાયનલ ટી.પી. સ્કીમ નં. ૬ (મજુરા–ખટોદરા)માં કેનાલ પરના હયાત રસ્તા પર યુનિક હોસ્પિટલ જંક્શન થી રૂપાલી જંકશન સુધી સુચિત લાઈનદોરી મુકવા બાબત.**

આથી ધી બી. પી. એમ. સી. એક્ટ, ૧૯૪૯ ની કલમ–૨૧૦ (૧) (બી) હેઠળ જાહેર જનતાને જણાવવાનું કે, સુરત શહેરના હયાત અને ભવિષ્યના ટ્રાફિક ભારણ / વ્યવસ્થાને ધ્યાને લઈ શહેર સુરતના સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ મોજેઃ મજુરામાં ફાયનલ ટી.પી. સ્કીમ નં. ૬ (મજુરા–ખટોદરા)માં કેનાલ પરના હયાત રસ્તા ઉપર યુનિક હોસ્પિટલ જંકશન થી રૂપાલી જંકશન સુધી ૬૦.૦૦ મીટર પહોળાઈની સુચિત રસ્તારેખા મુકવાનો સુરત મહાનગરપાલિકા ઈરાદો ધરાવે છે.

આ સુચિત રસ્તારેખાથી નીચે મુજબની મિલકતોને અસર થાય છે.

**ફાયનલ ટી.પી. સ્કીમ નં. ૬ (મજુરા–ખટોદરા)ના ફાયનલ પ્લોટ નં. ૧,૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૧૨૧, ૧૨૯, ૧૩૧, ૧૩૨ તથા ૧૩૬.**

આ નોટીસથી સુરત મહાનગરપાલિકાની હદ વિસ્તારમાં વસતા તમામ શખ્સો તથા ઉપરોક્ત લાઈનદોરીથી અસર પામતી મિલકતોના હકક / હિતસંબંધ ધરાવનારા તમામ શખ્સોને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત દરખાસ્ત અંગે જેઓને વાંધા / સુચન હોય, તેઓએ તેમના લેખિત વાંધા/સુચનો/રજુઆત આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી એક માસની મુદતમાં સુરત મહાનગરપાલિકાને મોકલી આપવા.

ઉપરોકત દરખાસ્ત મુજબની સુચિત લાઈનદોરી દર્શાવતા નકશાની નકલ સુરત મહાનગરપાલિકાની મુગલીસરા ખાતેની મુખ્ય કચેરીમાં ટાઉન પ્લાનીંગ ખાતાના નોટીસ બોર્ડ ઉપર જાહેર જનતાની જાણ તથા જોવા માટે, પ્રદર્શિત કરવામાં આવેલ છે, જે રજાના દિવસો સિવાય ઓફીસ સમયમાં જાહેરાતની મુદત દરમ્યાન જોઈ શકાશે. સદર નકશો સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in ઉપર News / Press release ના સેકશન પર પણ જોઈ શકાશે.

**પી.આર.ઓ.નં.**
**સુરત મહાનગરપાલિકાની કચેરી**
**સુરત, તા...................**

**કમિશનર**
**સુરત મહાનગરપાલિકા**

Scanned by CamScanner

PRODUCED BY AN AUTODESK EDUCATIONAL PRODUCT




PRODUCED BY AN AUTODESK EDUCATIONAL PRODUCT